http://suratiundhiyu.wordpress.com/

# પાગલપનનું શાણપણથી જતન કરતો ભરવાડ પરિવાર



ઘરમાં એકાદ જણ પણ મગજનો ફરેલો હોય તો તેને સાચવવો ભારે પડે છે એવામાં પાલિતાણાના બહારપરા આદપુર રોડ પર ભીખાભાઈ ભીમાભાઈ સાટિયા (ભરવાડ)નો પરિવાર માનસિક રોગનો (ગાંડપણ) ભોગ બનેલા, સમાજે તરછોડેલા લોકોનું બુદ્ધિપૂર્વક સંવેદનાભેર જતન કરી રહ્યો છે.

આઠેક વર્ષ પૂર્વે ભાવનગર જિલ્લાના સિહોર ગામે એક પાગલ યુવતી પર નરાધમોએ કરેલા બળાત્કારના અહેવાલોથી દ્રવી ઊઠેલા ભીખાભાઈએ સમાજના ઉપેક્ષિત વર્ગ માટે કંઇક કરી છુટવાની તમન્ના સાથે પોતાની જ જમીન પર સ્વ. શ્રી જીવણભાઈ રાઘવભાઈ સાસપરા મંદબુદ્ધિજન આશ્રમની સ્થાપના કરી. ગણ્યા ગાંઠયા મંદબુદ્ધિના લોકોથી શરૂ થયેલા આશ્રમમાં હાલમાં ૧૫૦ જેટલા સ્ત્રી-પુરુષ છે. એટલું જ નહીં, આશ્રમના હૂંફાળા વાતાવરણમાં યોગ્ય સારવારથી સાજા થનારા ૬૦ જેટલા લોકોને તેમના પરિવારજનો સાથે મિલાપ કરાવવાનું કામ પણ સંસ્થા દ્વારા કરાયું છે.

ભીખાભાઈનો પરિવાર આ સેવાયજ્ઞમાં કોઇપણ જાતના વળતરની અપેક્ષા વગર જોતરાયો છે. આવા કામમાં પરિવારનો સાથ મળવો સહેલો હોતો નથી પણ ભીખાભાઈની પત્ની રાજીબહેન, ત્રણ પુત્રો અને પુત્રવધૂઓ પણ આશ્રમના તેમના બનાવેલા પરિવારજનોની સેવા સુશ્રૂષામાં સતત વ્યસ્ત રહે છે. આશ્રમમાં કોઇ પણ

http://suratiundhiyu.wordpress.com/

જાતના ભેદભાવ વગર માત્ર ગુજરાતના જ નહિ, રાજસ્થાન મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશના દર્દીઓ પણ આશ્રય લઇ રહ્યા છે. કોઇ પણ સરકારી રાહત કે અન્ય લાલસા વગર ભીખાભાઈના પરિવારે સેવાનો અલખ ધકાવ્યો છે.

સ્મૃતભિંગ થતાં ગાંડાની જેમ વર્તતા લોકોને આશ્રમમાં નાવા, ધોવા ઉપરાંત સ્વચ્છતાની તાલીમ અપાય છે. જોકે, આ કામ આસાન નથી શરૂમાં તો આવા લોકોને પરિવારજનોએ જાતે જ નવડાવવા પડે છે. આ તમામની નાના બાળકોની જેમ કાળજી રાખવી પડે છે.

ભીખાભાઈના પરિવારનો ખાવાનો સમય ભલે વહેલો મોડો થાય પણ તેમના આ ઊભા કરેલા પરિવારજનોને તો સવારે ૮ વાગે નાસ્તો, બપોરે ૧૨.૩૦એ જમવાનું અને સાંજે ૬.૩૦ એ વાળુ કરાવીને સુવડાવી દેવાની કામગીરીમાં ક્યારેય સમયમાં આઘુંપાછું થતું નથી. ભીખાભાઈ આવા લોકો થોડું કામ પણ કરે-શીખે એ માટે પણ પ્રયાસ કરે છે. તેઓ આશ્રમશાળાની ગૌશાળાનું કામ તથા કડબનાં વાવેતરમાં પણ આ લોકોની શક્ય એટલી મદદ લે છે.

## બળાત્કારથી પ્રસૂતા થયેલી મહિલાઓના બાળકોનો ઉછેર -

પાગલ જેવી સ્થિતિમાંની મહિલાઓ પર બળાત્કાર કરી ગર્ભવતી બનાવવાના બનાવો ભીખાભાઈને ધ્યાને આવે કે તેઓ તરજ આવી મહિલાને પોતાના આશ્રમમાં લાવી તેની સેવા કરી પ્રસૂતિ કરાવી તેના બાળકનો ઉછેર અને અભ્યાસની જવાબદારી પણ નિભાવે છે. એટલું જ નહીં આવા બાળકોનું માતા સાથે નિયમિત મિલન કરાવી તેમને લાગણીના તાંતણે પણ બાંધી રાખે છે. આશ્રમમાં આવા અભ્યાસ કરતા થયેલા પાંચ બાળકો છે.

## રસ્તે રખડતાં રઝળતાં લોકોને આશ્રય -

ભીખાભાઈએ એમ તો પાલિતાણાથી જ તેમનો સેવાયજ્ઞ શરૂ કર્યો હતો પણ સમય જતા તેમણે જિલ્લા જ નહીં રાજ્ય બહારના આવા દર્દીઓને તેમના આશ્રમમાં આશ્રય આપ્યો છે. તેમને માહિતી મળે તે જે તે વિસ્તારમાં આવી વ્યક્તિ રખડે તો તેઓ જાતે જ ટેક્સી લઇને તેને તેડી લાવે છે. એટલું જ નહીં કોઇક આવી વ્યક્તિની માહિતી આપે અને આશ્રમમાં પહોંચાડવાની સમર્થતા બતાવે તો તેને ટેક્સી ભાડું પણ ભીખાભાઈનું ભીમેશ્વર મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ ચૂકવી આપે છે.

http://suratiundhiyu.wordpress.com/

## નિયમિત તબીબી તપાસ, સારવાર -

આશ્રમમાં દર્દીઓની નિયમિત તપાસ અને સારવાર થાયછે. ભીખાભાઈના પરિવારની હૂંફ અને સેવાના લીધે જ ૬૦થી વધુ આવા દર્દીઓ સંપૂર્ણ સાજા થયા છે. જોકે, સ્વસ્થ થયા બાદ આમાંના કેટલાક પોતાના પરિવારમાં પાછા જવાને બદલે આશ્રમમાં જ રહેવાનું પસંદ કરે છે.

## પરિવાર સાથે મિલન -

સુરેન્દ્રનગરનો સુનીલ નામનો શખ્સ ફાંફડું ઇંગ્લિશ બોલતો એટલું જ નહિ રેડિયો રિપેરિંગમાં પણ પારંગત હતો. સારવાર બાદ તેને થોડું ભાન આવતા તેણે પરિવારનો ઉલ્લેખ કરતા આશ્રમે તેના પરિવારજનો સાથે તેનો ભેટો કરાવી આપ્યો હતો.

સાભાર: દિવ્યભાષ્કર

**http://suratiundhiyu.wordpress.com/**

http://suratiundhiyu.wordpress.com/